सत्यमेव जयते

| RECEIVED ONE | 28-02-2026 | |
|---|---|---|
| REGISTERED ON | 2802-2026 | |
| DECIDED ON | 09-03-2026 | |
| DURATION | | |
| YEAR:00 | MONTH:00 | DAYS:9 |

**ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર**

**ફોજદારી પરચુરણ અરજી નં.૩૪૮/૨૦૨૬**

**Ex - 10**

**મુસ્તાક અબ્દુલ ખાલીક ખાનાણી,**
ઉ.વ.૪૮,
રહે. અલીભાઈ સોસાયટી, સાબરી મસ્જીદ પાસે,
વેરાવળ, ગીર સોમનાથ,
હાલ–મધ્યસ્થ જેલ સાબરમતી, અમદાવાદ
(જયુડી.કસ્ટડી તા.૬/૨/૨૦૨૬) **........ અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે**
**ગાંધીનગર.** **........ સામાવાળા**

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે પ્રોકસી વિ.વકીલશ્રી. ડી.કે.રાઠોડ.

સરકાર તર્ફે શ્રી એન.એચ.રાવલ.

સી.આઈ.ડી. સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૨/૨૦૨૬,
ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૮(૩), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટ
કલમ–૬૬(ડી)

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

**–:: જ જ મે ન્ટ ::–**

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે સી.આઈ.ડી. સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૧૮(૩), ૬૧

(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી) મુજબના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપી તા.૦૬/૦૨/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. સમગ્ર ફરીયાદની હકીકત ધ્યાને લેતાં કહેવાતો ગુનો અમોએ કરેલ નથી. સદર ફરીયાદ ભોગ બનનાર વ્યકિત તરફથી ફરીયાદ આપવામાં આવેલ નથી. સાયબર ક્રાઈમ સેલના પોલીસ સબ ઈન્સ્પેકટરે ફરીયાદ આપેલી છે. તપાસના કામે ભોગ બનનાર મળી આવેલ નથી. જેથી પણ સમગ્ર ફરીયાદ શંકા ઉપસ્થિત કરે છે.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, અરજદારની દુબઈ અવર–જવરની ટ્રાવેલ્સ હીસ્ટ્રીના કારણે ખોટી રીતે સદર ગુનામાં સંડોવણી કરવામાં આવેલ છે. બેંક ખાતાના વ્યવહારો કાયદાની મર્યાદામાં થયેલા છે. વિદેશમાં નાણા વીડ્રો કરવાથી કાયદાનો ભંગ થતો નથી. ફરીયાદની સમગ્ર હકીકત ધ્યાને લેતા સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે. તેઓએ કોઈ નાણાની હેરાફેરી કરેલ નથી. અને નાણા ઉપાડવા પેટે કોઈ કમીશન પણ પ્રાપ્ત કરેલ નથી. સમગ્ર કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડી.મેજી. ફ.ક.ની અદાલતની હકુમતની છે. મોટા ભાગની તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલ છે. જેથી અમો અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ છે.

- અરજદાર/આરોપીએ જામીન અરજીના સમર્થનમાં આંક–૦૯ થી લેખિત દલીલો રજુ કરેલ છે તથા આંક–૮ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર અને અન્ય આરોપીઓ ભેગા મળીને પૂર્વ આયોજીત કાવત્રુ રચેલું છે. જે મુજબ બેંક ખાતા ખોલાવી તેમાં જમા થયેલ રકમ દુબઈ ખાતે થી વીડ્રો કરવામાં આવેલી છે. અને આર્થિક લાભ પ્રાપ્ત કરેલો છે. આ હકીકત તપાસ દરમ્યાન પ્રાપ્ત થયેલ બેંકના દસ્તાવેજી પુરાવા પરથી ફલીત થાય છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન હાલના અરજદાર/આરોપી ભારત થી દુબઈ પાર્સલ ડીલીવરનું કામ કરતા હતા. અને દુબઈ ખાતે સહ આરોપી વસીમ હનીફ ભાડેલાના સંપર્કમાં આવી સાયબર ફ્રોડ ધ્વારા મેળવેલ નાણા ફોરેક્ષ કાર્ડ મારફતે દુબઈ કરન્સીમાં કનવર્ટ કરવા પેટે ૨.૫% કમીશન નકકી કરી, ઉપાડી સહ આરોપી વસીમ હનીફ ભાડેલાને આપેલા છે. તે પેટે કમીશન પણ પ્રાપ્ત કરેલુ છે. જેથી અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવે છે.

**3.3** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ અલગ અલગ વ્યકિતઓના પાનકાર્ડ તથા આધારકાર્ડ મેળવી તે વ્યકિતઓને સાથે રાખી બેંક એકાઉન્ટ ઓપન કરાવી બેંક પાસેથી ફોરેક્ષ કાર્ડ મેળવેલ છે તે કાર્ડ તપાસ દરમ્યાન મળી આવેલ નથી. જેની તપાસ હાલમાં ચાલુ છે. અરજદાર/આરોપીએ જે વ્યકિતઓના ખાતા ખોલાવેલ છે તેમાં આરટીજીએસ ધ્વારા નાસતા ફરતા આરોપી મકસુદ વાળાએ આંગડીયા મારફતે નાણા મોકલી આપેલ છે. આમ, આ કામના અરજદાર/આરોપીએ સહ આરોપી સાથે ભેગા મળીને સાયબર ફ્રોડ ધ્વારા મેળવેલ નાણા સગેવગે કરવા માટે મહત્વની ભુમિકા ભજવેલ છે તે બદલ સહ આરોપી વસીમ હનીફ ભાડેલાની કબુલાત ધ્વારા રૂા.૩,૦૦,૦૦૦/- મેળવેલાની વિગત ખુલવા પામેલ છે.

**૩.૪** વિશેષમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન ફાયન્શીયલ ઈન્ટેલીજન્સ યુનીટ ધ્વારા અલગ અલગ ૨૬ સેવીંગ બેંક ખાતાઓમાં કુલ ૧.૨૯ કરોડ ડીપોઝીટ થયેલા હોય તેમજ અલગ અલગ કરંટ તથા સેવીંગ કુલ-૫૪ બેંક ખાતાઓ માંથી NEET, RTGS, IMPS થી કુલ ૨.૯૭ કરોડ ટ્રન્સફર થયેલ જમા થયેલ છે. તેમજ ૨૬ બેંક ખતાઓમાંથી ફોરેક્ષ પ્રિ-પેડ કાર્ડ મારફતે કુલ રૂા.૪.૨૬ કરોડ વિડ્રો કરવામાં આવેલા છે. જે નાણા સાયબર ફ્રોડના હોવાનું પણ ખુલેલું છે. આ સંજોગોમાં હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.

**3.3** વિશેષમાં જણાવેલ છે કે, તપાસ નાજુક તબકકે છે. બેંક એકાઉન્ટમાં ખુબજ મોટા પ્રમાણ માં ગુનાહિત વ્યવહારો થયેલા છે. જેથી હાલની આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા

અરજ કરેલ છે.

**૪.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

- આ કામના અરજદાર/આરોપી સામે સી.આઈ.ડી. સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૧૮(૩), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.
- ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના મળી આવેલ ઈસમો (૧) અબ્દુલ હફીઝ પાનવાળા, (૨) મંસ્તાક અબ્દુલ ખાલીદ ખાનાણી, (૩) શબ્બીર મોહમ્મદ હનીફ ભડેલા, (૪) મોહમ્મદ તાહા શબ્બીર ભડેલા તથ નહી મળી આવેલ ઈસમ (૧) મકસુદ સોરઠીયા, (૨) વસીમ મહોમદ હનીફ ભડેલા, (૩) અફઝલ વરવાણી, (૪) સાકીબ હાલા નાઓએ પોતાના તથા અન્ય લોકોના નામે બેંક ખાતાઓ ખોલી/ખોલાવડાવી પૂર્વ આયોજીત ગુનાહિત કાવત્રુ રચી, બેંક ખાતાઓમાં રૂપિયા મેળવી લઈ જે જમા થયેલ રૂપિયા દુબઈ ખાતેથી વીડ્રો કરી, આ કામના સહ આરોપીઓને આપી દઈ, પોતાનો આર્થિક લાભ મેળવી લઈ સાયબર ક્રાઈમના રૂપિયા સગેવગે કરી એકબીજાની મદદગારી કરી ગુનો આચરેલો હોય જેથી ઉપરોકત પકડાયેલ ઈસમો તેમજ નાસતા–ફરતા ઈસમો વિરુધ્ધ સદરહું ગુનો કરેલાના આક્ષેપ છે.
- રજુ થયેલ પેપર્સ ધ્યાને લેતા હાલના અરજદાર દુબઈ ખાતે પાર્સલ ડીલીવરીનું કામ કરતા હતા તે સમય દરમ્યાન અન્ય સહ આરોપીઓની સાથે મળીને સાયબર ફ્રોડના નાણા ફોરેક્ષ કાર્ડ મારફત દુબઈ કરન્સીમાં કન્વર્ટ કરાવવાનું કાવત્રુ રચેલું છે. જેમાં ૨.૫% કમીશન નકકી કરવામાં આવેલું. જેના અનુસંધાને વેરાવળ ઈન્સઈન્ડ બેંક ખાતે અલગ અલગ વ્યકિઓના બેંક એકાઉન્ટ ઓપન કરાવ ફોરેક્ષ કાર્ડ મારફત દુબઈ ખાતે નાણા પ્રાપ્ત કરેલા છે. તે મુજબ તપાસ દરમ્યાન કુલ–૨૬ બેંક એકાઉન્ટ પ્રાપ્ત થયેલા છે. જે નાણાની હેરાફેરી થયેલી છે. આ કામના અરજદાર/આરોપીએ સહ આરોપી સાથે ભેગા મળીને સાયબર ફ્રોડ ધ્વારા મેળવેલ નાણા સગેવગે કરવા માટે મહત્વની ભુમિકા ભજવેલ છે. તપાસ દરમ્યાન સહ આરોપી વસીમ હનીફ ભાડેલાની કબુલાત ધ્વારા રૂા.૩,૦૦,૦૦૦/– કમીશન પેટે

મેળવેલાની જણાઈ આવેલ છે. જેથી હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.

- વિશેષમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન અરજદારે જે વ્યકિતઓના બેંક ખાતા ઓપન કરાવેલા છે તેની તપાસ ચાલુ છે. ફોરેક્ષ કાર્ડની પણ તપાસ ચાલુ છે. તપાસ નાજુક તબકકે હોય તેમ જણાય છે. તપાસ દરમ્યાન અરજદારે અન્ય સહ આરોપીઓ પાસેથી રૂા.૩,૦૦,૦૦૦/- કમીશન પેટે પ્રાપ્ત કરેલ હોય તેમ પણ જણાય છે. તેમજ કુલ રૂપિયા ૪.૨૬ કરોડ વિડ્રોવલ કરવામાં આવેલ હોય તેવી હકીકત પણ ખુલેલી છે. આ સંજોગોમાં હાલના અરજદાર સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ હોય અને તપાસ નાજુક તબકકે હોય તેમ પણ જણાય છે. જેથી આ તબકકે આ કામના અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR 2017 S.C. 5398, ANILKUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ના શકાય. જેથી પણ આ તબકકે અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

**૫.** ઉપરોકત હકીકત ઘ્યાને લેતાં અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓએ ભેગા મળીને ખુબજ મોટા પ્રમાણ માં સાયબર ફ્રોડ કરી રકમની હેરાફેરી કરી, તે પેટે મોટી રકમનું કમીશન પ્રાપ્ત કરેલ છે. તપાસ નાજુક તબકકે છે. તેથી ગુન્હાની ગંભીરતા લક્ષમાં લેતાં અરજદાર ને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-:: આખરી હુકમ ::-**

**(૧)** અરજદાર/આરોપી **મુસ્તાક અબ્દુલ ખાલીક ખાનાણી,** ઉ.વ.૪૮, રહે. અલીભાઈ સોસાયટી,

સાબરી મસ્જીદ પાસે, વેરાવળ, ગીર સોમનાથ હાલ રહે. સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદ નાઓની સી.આઈ.ડી. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦ ૧૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૧૮(૩), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ**–૦૯**મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૦૯–૦૩–૨૦૨૫.**
સ્થળ : ગાંધીનગર.

/PSP/

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.